**માગશર સુદ ૫, બુધવાર તા. ૧૮-૧૨-૧૯૭૪**
**શ્લોક-૩-૪, પ્રવચન-૮**

.. ચાલે છે. આ આત્મા અને શરીર ને કર્મ એ જુદી ચીજ છે. આત્મા એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. આ શરીર તો જડસ્વરૂપ છે. એ તો માટી છે. અંદર કર્મ છે એ પણ એક જડસ્વરૂપ છે. તો બેના લક્ષણો ભિન્ન છે. જેને આત્મા પ્રાપ્ત કરવો છે એટલે કે જેને ધર્મ કરવો છે, એણે આત્માના જ્ઞાનલક્ષણ દ્વારા આત્માને જાણવો પડશે. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એનું જ્ઞાન કરવા, એનું લક્ષણ જાણવું અને દેખવું એવા લક્ષણ-ચિહ્ન-એંધાણ- એનાથી આત્મા જાણી શકાય. એનાથી આત્માને સમ્યગ્દર્શનની ધર્મદશા પહેલી પ્રગટ થાય. માટે કર્મ અને શરીર એનાથી જુદી ચીજ છે.

હવે '**અંતરંગ રાગ-દ્વેષાદિ વિકારી પરિણામો પણ...**' થોડું ચાલ્યું છે, થોડું બાકી છે. ઝીણી વાત છે, ભાઈ! અંતરંગમાં જે કંઈ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ ઊઠે એ રાગ છે. અને પ્રતિકૂળતા સહન ન થાય ત્યારે એને દ્વેષ થાય. એ રાગ-દ્વેષ, વિષયવાસના કે શુભ-અશુભભાવ એ બધા વિકારી પરિણામો છે. '**પણ વાસ્તવમાં આત્માના જ્ઞાન લક્ષણથી ભિન્ન છે,...**' ભગવાન આત્મા જ્ઞાન લક્ષણે લક્ષિત (થાય છે), ત્યારે એ પુણ્ય અને પાપના ભાવ, શુભ અને અશુભભાવ એ ક્ષણિક અને આકુળતાના લક્ષણે જણાય એવા છે. આહાહા..! સમજાણું કાંઈ? છે?

'**કારણ કે રાગ-દ્વેષાદિ ભાવો...**' આહાહા..! ચાહે તો ભગવાનની ભક્તિનો ભાવ હો, ભગવાનના સ્મરણનો ભાવ હો કે પરની દયા પાળવાનો ભાવ હો. પાળી શકે નહિ. આહાહા..! કેમ કે એ ભિન્ન ચીજ છે એનું આત્મા કાંઈ કરી શકે નહિ. પણ એની દશામાં જે દયાનો ભાવ, વ્રત કરું, અહિંસા, બ્રહ્મચર્ય પાળું દેહથી—એવો જે ભાવ ઊઠે છે એ પણ એક રાગ છે. એ વિભાવસ્વભાવ છે, એ આત્માનું સ્વરૂપ નથી. ભારે ઝીણી વાતું. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર તીર્થંકર ભગવાને ત્રણ કાળ ત્રણ લોક જોયા એમાં આ ચીજ આ રીતે જોઈ. આહાહા..!

કહે છે કે આ પ્રભુ અંદર આત્મા જે છે એ તો જ્ઞાનદર્શન લક્ષણેથી જણાય એવી ચીજ છે અને શરીર અને કર્મ તો જડ છે. એ અચેતન લક્ષણથી જણાય એવા છે. એ આત્માની ચીજ નથી. તેમ અંદર પુણ્ય અને પાપના ભાવ થાય. આહાહા..! એ પણ... છે? '**રાગ-દ્વેષાદિ-ભાવો ક્ષણિક અને આકુળતા લક્ષણવાળા છે;...**' ક્ષણિક છે કૃત્રિમ.

રહે ને જાય.. રહે ને જાય.. થાય અને જાય. આહાહા..! પ્રભુ અંદર આત્મા તો નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ છે.

જેને ધર્મ કરવો હોય-જેને સુખી થવું હોય, જેને સુખને પંથે જવું હોય તો એણે જ્ઞાન અને દર્શનના લક્ષણવાળો પ્રભુ એને અનુભવવો અને પકડવો જોશે. કહો, પોપટભાઈ! આ પૈસાથી સુખ નથી એમ કહે છે. દુઃખી હશે? પૈસાથી દુઃખી નથી. પૈસા મારા, હું રળ્યો, મેં ડહાપણ કર્યું તો આ કરોડ-બે કરોડ ભેગા થયા. એવો જે મમત્વભાવ એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગાદિ ભાવ એ ક્ષણિક છે અને આકુળતા એટલે દુઃખરૂપ છે. એ આત્માનો સ્વભાવ નથી. આહાહા..!

જેમ આ શરીર અને કર્મ એ માટી જડ અને અજીવ છે, એમ પુણ્ય અને પાપના ભાવ એમાં એને જાણવાનો સ્વભાવ નથી એનો એને. રાગમાં રાગને જાણવાનો સ્વભાવ નથી. એથી એ તો ક્ષણિક અને અચેતન અને આકુળતાના કારણ છે. આહાહા..! ઝીણું ઘણું તત્ત્વ. બહારથી જેને જોવું છે એને તો આ મળે એવું નથી. ભગવાન તો અંદર પડ્યો છે પ્રભુ. આહાહા..! જાણવાના-દેખવાના એંધાણથી-ચિહ્નથી આ આત્મા, એમ પકડે તો એને સમ્યગ્દર્શન થાય, આનંદ થાય, તો એને ધર્મ થાય. આહાહા..! બાકી કોઈ આ ક્રિયાકાંડ કરે, વ્રત ને ભક્તિ, પૂજા ને દાન ને દયાને એ બધો તો રાગભાગ ક્ષણિક અને આકુળતાના કરનારા છે. આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનની ભક્તિ?

ઉત્તર :- એ કીધું ને. પહેલું તો એ કીધું હતું. આજે હમણાં કહ્યું પહેલું. કહ્યું હતું હમણાં પહેલું. ભગવાનની ભક્તિ પણ રાગ છે અને આકુળતા છે. આહાહા..! કેમ કે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર પૂર્ણ પરમાત્મદશા પ્રાપ્ત (કરી) પણ આ દ્રવ્યથી તો ભિન્ન ચીજ છે ને? અને એ ભિન્ન ચીજની ભક્તિ જ્યારે .. થાય એ બધો રાગ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગ ક્ષણિક છે. કારણ કે એ રાગ પલટીને વળી બીજો વેપારનો રાગ આવે. વેપારનો રાગ પલટીને વળી કોઈ દયાનો ભાવ આવે. આહાહા..! એ બધા વિકલ્પો રાગ તે ક્ષણિક છે અને આકુળતાને ઉપજાવનારા છે. પ્રભુ આત્માનો એ સ્વભાવ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એ તો '**ક્ષણિક અને આકુળતા...**' ત્યાં સુધી આવ્યું હતું કાલે. '**તે સ્વ-પરને જાણતા નથી;...**' આહાહા..! જે અંદર વિકલ્પ ઉઠે રાગ, એ રાગ તો પોતે શું ચીજ છે એમ એ રાગ પોતાને જાણતો નથી. તેમ એ રાગની જોડે ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ છે આત્મા એને રાગ જાણતો નથી. આરે..! આવી વાત લોકોને.. આહાહા..! કહે છે કે એ '**સ્વ-**

**પરને જાણતા નથી;...'** કાંઈક રાગની વૃત્તિ જે ઉઠી, દયાની, દાનની, વ્રત કરું, ભક્તિ કરું, પૂજા કરું કે પાંચ-પચ્ચીસ હજારનું દાન આપું એવો જે વિકલ્પ છે એ રાગનો ભાગ છે. એ રાગ નથી જાણતા પોતાની જાતને, એ રાગ નથી જાણતા રાગની સમીપમાં રહેલો ભગવાન જ્ઞાનસ્વરૂપ એને એ રાગ જાણતો નથી. સ્વપરને જાણતો નથી કીધું ને? આહાહા..! સમજાણું કાંઈ? આ ધર્મની રીત કોઈ જુદી છે, બાપુ! આહાહા..! દુનિયા જે માનીને બેઠી છે અને દુનિયાને જે મળ્યું છે એ બધી બહારની વાતું મળી છે. તત્ત્વની વાત નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

પરમાત્મા ત્રિલોકનાથની વાણીમાં આ આવ્યું. ભગવાન! તું તો જ્ઞાનદર્શનના લક્ષણથી–ચિહ્નથી–એંધાણથી–આમ છે આત્મા એમ જણાય એવો છે ને. એ રાગથી જણાય એવો નથી. કેમ કે રાગ છે તે પરના લક્ષે થયેલી ચીજ (છે) અને રાગ પોતાને જાણતો નથી તો જ્ઞાનસ્વરૂપ ભગવાન જોડે છે આત્મા એને રાગ ક્યાંથી જાણે? આહાહા..! સમજાણું કાંઈ? આવી રીતે કેવો ધર્મ આવો? આવો વીતરાગનો ધર્મ આવો હશે? પહેલા તો એમ કહેતા, છ કાયની દયા પાળવી. ભોગીભાઈ! શું હતું ત્યાં કુંડલામાં? આહાહા..! કાં તો કો'કના દુઃખ લુવા ને કો'કને મદદ કરવી. એવી બધી વાતુમાં માનતા જગત.

મુમુક્ષુ :- એ પુણ્યથી ધર્મ થાય.

ઉત્તર :- એ પુણ્ય થાય અને એનાથી ધર્મ થાય. આહાહા..! ભાઈ! તને ખબર નથી. તું લુંટાઈ ગયો છો. એ રાગની ક્રિયા એ ક્ષણિક છે અને દુઃખરૂપ ને આકુળતા છે. એને તું ધર્મ માન અને એ ધર્મના કારણ માન, મિથ્યાત્વભાવમાં લુંટાઈ ગયો તું. સમજાણું કાંઈ?

**'સ્વ-પરને જાણતા નથી; જ્યારે જ્ઞાનસ્વભાવ તો નિત્ય...'** છે પ્રભુ. જાણવું... જાણવું... જાણવું... એવો જે ગુણ અને સ્વભાવ એ તો ત્રિકાળ છે આત્માનો સ્વભાવ. સમજાણું કાંઈ? તે **'શાંત છે.'** ક્ષણિક સામે નિત્ય છે અને આકુળતા સામે શાંત છે. આહાહા..! જ્ઞાન સ્વભાવ જાણવું... જાણવું... જાણવું... એવો જે સ્વભાવ એ તો ત્રિકાળ છે, નિત્ય છે અને એ તો શાંત છે. આહાહા..! એવા સ્વભાવને જાણતા તો શાંતિ આવે–અકષાયસ્વભાવ આવે એને શાંતિ કહે છે, એને ધર્મ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ **'અનાકુળ છે,...'** એ શાંતિની વ્યાખ્યા છે. સુખરૂપ છે, આનંદરૂપ છે. આહાહા..! ભગવાન આત્માનો સ્વભાવ નિત્ય છે, આનંદ છે, એટલે અનાકુળ છે.

**'સ્વ-પરને જાણવાનો તેનો સ્વભાવ છે.'** ભગવાન આત્માનો સ્વભાવ સ્વ નામ પોતાને જાણવાનો અને રાગ તે પર છે, વિકલ્પ આકુળતાને પર તરીકે પણ જાણવાનો એનો સ્વભાવ છે. આહાહા..! ભારે માણસને, નવા માણસને તો એવું લાગે. આ કઈ જાતનો

ધર્મ કાઢ્યો કહે છે. જૈનધર્મ આવો હશે? ભગવાન! જૈનધર્મ જ આ છે. બાપુ! તને ખબર નથી. સમજાય છે કાંઈ?

એ રાગની વૃત્તિઓ જે ઉઠે એ દુઃખરૂપ છે, આકુળતા છે. એને છોડીને પરમાત્મા પોતે પોતાના જ્ઞાનદર્શનથી જાણે તો એને ત્યાં શાંતિ આવે, સમ્યગ્દર્શન એટલે સત્‌ની પ્રતીતિ આવે અને સ્વરૂપમાં રમણતાનું આચરણ આવે. એને અહીંયાં જૈનધર્મ કહો કે વસ્તુનો સ્વભાવ કહો. એમ કહે છે. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? કેમ કે જૈન એટલે જીતવું. કોને? કે એના સ્વભાવથી વિરૂદ્ધ જે અજ્ઞાન અને રાગ-દ્વેષને. એને જીતવું એટલે કેમ જીતવું? કે એ પૂર્ણાનંદનો નાથ પોતે જ્ઞાન-દર્શનથી જણાય એવી ચીજ છે એને જાણતા એને આનંદ આવે અને એને રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થાય એનું નામ રાગને જીતવું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જૈન એટલે કે આત્માનું સ્વરૂપ જ એવું છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, એહી વચન સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! હિન્દી ભાષા આવી જાય છે. અત્યારે તો બધા ગુજરાતી છે.

આત્મા જ્ઞાનસ્વભાવ જ (છે) અને નિત્ય ને શાંત અને '**સ્વ-પરને જાણવાનો તેનો સ્વભાવ છે. આ રીતે ભિન્ન લક્ષણ દ્વારા...**' આહાહા..! બેયના એંધાણો-બેયના લક્ષણો (અર્થાત્) રાગ-દ્વેષના, શરીરના, કર્મના અને આત્માના, બેયના લક્ષણો ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? આ તો કાંઈક દયા, દાન, વ્રત, તપ, અપવાસ કરીએ તો આત્મા જણાશે. અરે.. ભગવાન! એ તો બધી વૃત્તિઓનો વિકલ્પ અને રાગ છે. રાગ તો આકુળતા (છે). આકુળતા દ્વારા અનાકુળ આત્મા જણાય? સમજાય છે કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એમ ફરમાવે છે એ અહીં લખ્યું છે. આહાહા..! એ બેયના લક્ષણો ભિન્ન ભિન્ન (છે). '**જ્ઞાનમય આત્મા રાગાદિકથી ભિન્ન છે-**' આહાહા..! '**ભિન્ન લક્ષણ દ્વારા (ભગવાન) જ્ઞાનમય આત્મા...**' અને રાગાદિક આકુળતાથી જુદો છે. આહાહા..! એ .. તો એમ થઈ ગયું છે ને કે આમાં બધા ગોથા ખાઈ ગયા છે ને? કે ભગવાનની આમ ભક્તિ કરીએ, ત્રિલોકનાથ પરમાત્મા સાક્ષાત્ બિરાજતા હોય. મહાવિદેહમાં તો પ્રભુ બિરાજે છે. સીમંધર સ્વામી ભગવાન ત્રિલોકનાથ જીવંતસ્વામી, જીવતા અરિહંત છે. બધા ૨૪ તીર્થંકરો થયા એ તો અરિહંત હતા તો અત્યારે તો સિદ્ધ થઈ ગયા. એ તો સિદ્ધાલયમાં ગયા-નમો સિદ્ધાણં. આ નમો અરિહંતાણંમાં છે. મહાવિદેહમાં ભગવાન બિરાજે છે. છે ને આ સમવસરણ, જુઓને! સામું સમવસરણ છે. ત્યાં કુંદકુંદાચાર્ય ગયા હતા. સમજાણું કાંઈ? આહાહા..! એ ભગવાનની વાણીમાં તો આ આવ્યું કે ભાઈ! '**ભિન્ન લક્ષણ દ્વારા જ્ઞાનમય**

**આત્મા...'** અને ભિન્ન લક્ષણ દ્વારા રાગાદિભાવ, એ બે ચીજ તો ભિન્ન છે. **'એમ નક્કી થાય છે.'** માટે.. નીચે શ્લોક આપ્યો છે ને.

**જીવ બંધ બંને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે;**
**પ્રજ્ઞા-છીણી થકી છેદતાં, બંને જુદા પડી જાય છે.**

એ કુંદકુંદાચાર્યની ભાષા-વાણી છે. **'જીવ બંધ બંને,...'** જીવ જ્ઞાનાનંદ સ્વરૂપ અને બંધ રાગાદિ સ્વરૂપ. એ **'નિયત...'** નિશ્ચય. રાગાદિ અને આત્મા એનો નિશ્ચય નિજ લક્ષણ-પોતાના લક્ષણે એ રાગ અને આત્મા બે ભિન્ન પડે છે. **'પ્રજ્ઞા-છીણી થકી છેદતાં,...'** એ જ્ઞાનની ધારા એને આત્મા તરફ વાળતાં રાગથી ભગવાન આત્મા જુદો પડી જાય છે. આહાહા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એને કહીએ. સમજાણું કાંઈ? **'બંને જુદા પડી જાય છે.'** આચાર્યે તો ત્યાં ટીકામાં એમ કહ્યું છે ને, ભાઈ! 'એમ અમે જાણીએ છીએ.' આહાહા..! જાતની વાત છે ને?

અમારો ભગવાન આત્મા જ્ઞાનથી ભિન્ન પડીને એટલે રાગથી જ્ઞાનની દશા ભિન્ન પાડીને. જ્ઞાનથી ભિન્ન પડે છે ને? રાગથી (-રાગ દ્વારા) કાંઈ ભિન્ન (નથી પડતો). જ્ઞાનની પર્યાય દ્વારા પ્રજ્ઞાછીણી. જેમ એક લોઢામાં છીણી મારતા બે કટકા થઈ જાય, એમ ભગવાન આત્મા અંદરની જ્ઞાનની પર્યાય એને અંતરમાં વાળતાં રાગ અને ભગવાન બે ભિન્ન પડી જાય છે. આહાહા..! એ પ્રજ્ઞાછીણીથી છેદાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાય છે કાંઈ? **'સમયસાર ગુજરાતી આવૃત્તિ ૨૯૪ ગાથા.'** છે ને?

**'માટે આત્મા પરમાર્થે પર-ભાવોથી અર્થાત્ શરીરાદિક બાહ્ય પદાર્થોથી તથા રાગ-દ્વેષાદિ અંતરંગ પરિણામોથી વિવિક્ત છે-'** પાઠમાં આવ્યું હતું ને ભાઈ? વિવિક્ત શબ્દ છે. પાઠમાં છે. ચોથું પદ. **'विविक्तमात्मानमथाभिधास्ये'** વિવિક્ત-ભિન્ન ભગવાન આત્મા છે. એ રાગની ક્રિયા અને શરીર અને કર્મ એનાથી ભગવાન અંદર જ્ઞાનલક્ષણે ભિન્ન છે. પ્રજ્ઞાછીણીથી તેને જુદા પાડી શકાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પ્રથમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની આ ક્રિયા. આહાહા..! વિવિક્ત છે ને છેલ્લું?

**'બાહ્ય પદાર્થોથી તથા રાગ-દ્વેષાદિ અંતરંગ પરિણામોથી વિવિક્ત છે-'** બાહ્ય પદાર્થ એટલે શરીર, કર્મ, વાણી. આ બાહ્યની ચીજ બાયડી-છોકરા-કુટુંબ એ તો ક્યાંય દૂર રહી ગયા. એમાં ક્યાંય છે નહિ. બાહ્ય પદાર્થોથી ભિન્ન છે અને અંતરંગ જે પરિણામ થાય એની પર્યાયમાં, એમ કહે છે અહીં તો, એ શુભ અને અશુભ રાગ એનાથી પણ પ્રભુ તો ભિન્ન છે અંદર. સમજાણું કાંઈ? એ આગમથી વાત કરી પહેલી. પછી યુક્તિથી કરી. પહેલી આગમથી કરી હતી ને? **'હું એક શુદ્ધ સદા...'** પછી આ યુક્તિ અને અનુમાનથી કરી,

હવે અનુભવથી વાત કરે છે.

**'આગમ અને યુક્તિ દ્વારા આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણી પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં...'** ભગવાન શુદ્ધ ચૈતન્યઘન નિત્યાનંદ પ્રભુ છે એને આગમ દ્વારા જાણ્યું અને યુક્તિ દ્વારા જાણ્યું. હવે એને **'શુદ્ધ સ્વરૂપ જાણી પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં...'** જે વસ્તુ છે ત્રિકાળ આનંદ અને જ્ઞાનસ્વરૂપી ભગવાન, એની સન્મુખ થતાં, દિશા પલટતાં પર તરફ જે જ્ઞાનની દશા છે એ મિથ્યા દશા છે... આહાહા..! એને ત્રિકાળી ચૈતન્યના સ્વભાવનો સત્કાર, આદર, સન્મુખ થતાં એની હયાતીનો આદર થાય છે. સમજાણું કાંઈ? અને રાગ ને દયા-દાનના વિકલ્પનો આદર કરતા ભગવાન ત્રિકાળી આનંદકંદનો અનાદર થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી અહીં તો સમ્યગ્દર્શનની વાત છે, હોં! આહાહા..! ચારિત્ર તો એમાં પછી ઘણી ચીજ છે અંદર સ્થિરતા, આનંદની દશા એ તો. આહાહા..!

**'પોતાના ત્રિકાળ શુદ્ધાત્માની સન્મુખ થતાં...'** સત્ સ્વરૂપ એવો જે ધ્રુવ ભગવાન આત્મા એની સન્મુખ થતાં. સત્ મુખ. સત્ ઉપર દૃષ્ટિ પડતાં. આહાહા..! **'આચાર્યને જે શુદ્ધાત્માનો અનુભવ થયો તે અનુભવથી તેઓ વિવિક્ત આત્માનું સ્વરૂપ બતાવવા માગે છે.'** ત્રણ વાત થઈ. આગમથી, અનુમાન અને યુક્તિથી અને અનુભવથી. ચાર વાત મૂકી છેને ભાઈ પાંચમી ગાથામાં સમયસારમાં. આ ત્રણ મૂકી. પરનો યુક્તિથી નિષેધ કરી, એ ચોથો બોલ લઈ લેવો. પણ આ અસ્તિમાં એ આવી જાય છે. સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે કે આગમથી એટલે મેં મારા સ્વરૂપને આગમના જ્ઞાનથી જાણ્યું. અનુમાન અને યુક્તિથી પણ લક્ષણના ભેદથી જાણ્યું અને હવે એ અનુભવથી જાણ્યું. આહાહા..! એ રાગ અને પુણ્યની ક્રિયાનો વિકલ્પ રાગ, એનાથી વિમુખ થઈને અને ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્યઘન એની સન્મુખ થઈને અનુભવીને મેં આત્માને જાણ્યો એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તે અનુભવથી તેઓ વિવિક્ત...'** શબ્દ છે ને અંદર ચોથો? એ.

**श्रुतेन लिंगेन यथात्मशक्ति समाहितान्तः करणेन सम्यक्।**
**समीक्ष्य कैवल्यसुखस्पृहाणां विविक्तमात्मानमथाभिधास्ये।।३।।**

એ પછી આવશે હવે. એને હું કહીશ. સમજાણું કાંઈ? કોને હવે હું કહીશ? એમ કહે છે.

**'આચાર્ય આત્માનું સ્વરૂપ કોને બતાવવા માગે છે?'** જે માલ લેવાનો કામી છે અને માલ લેવા આવ્યો છે એને એ માલ આપે છે વેપારી. ઘરે જવાય? ઘરે દેવા જવાય? આ પોટલા બાંધીને ઘરે દેવા જાય એની કિંમત કાંઈ ન મળે. ઘરે જાય છેને કેટલાક આ

ફેરીવાળા અધમણ પોટલું લઈને કાઠિયાણીને ઘરે જાય, ગરાસિયાને ઘરે જાય. હવે આ ભાવે આપવું છે એમ કરીને બહાર નીકળે ત્યારે પાછો આવો પાછા. ત્યાં જાય એને ફેરવવા. અહીં તો દુકાને બેઠા હોય. જે માલ લેવા આવ્યો હોય અને જોઈતો હોય તો આ માલ છે, બાપા! એને ગોઠે એટલે માલ લઈને જાય એટલે એ જાય અને આવે. આ તો બેઠો છે. ભાઈ! આ માલ છે, આ ભાવે છે. અને ક્યાંક એક જ ભાવ હોય.

અમારે ભરૂચમાં એક પારસીની દુકાન હતી. તે દિ'ની વાત છે આ તો, હોં! ૬૫ વર્ષ પહેલાની. પારસીની દુકાને એક જ ભાવ. કોઈપણ છોકરું જાવ કે શેઠિયો જાવ. એ તો મેં એમને જોયેલા. પારસીની એક દુકાન (હતી). ટોપી એ જાતની, લૂંગડા એ જાતના, ઘણી જાતની ચીજ. વખારુંની વખારું ભરેલી. ભરૂચ માલ લેવા જતાને જ્યારે ત્યાં? પાલેજ દુકાન હતી ને. પાલેજમાં. ત્યાંથી માલ લેવા જતા. આઠ ગાઉ થાય ભરૂચ. અમે જતાં તો એવો પારસી પણ માળો, એક ફેરી ટોપી જોઈતી હતી, ટોપી ઓઢતા ને. ટોપીનો શું ભાવ છે? કે આ ભાવ છે. દુકાને કીધો, ત્યાં કીધો આમાં કાંઈ ઓછું (નહિ થાય?). અહીં અમારે બીજો ભાવ નથી. પારસી કહે, અમારે બીજો ભાવ નથી. બાળક આવો, શેઠિયા આવો, વકીલ આવો, બેરિસ્ટર આવો. અમારે તો એક જ ભાવે છે. અહીં એક ભાવે-વીતરાગભાવે આત્મા જણાય એવો એક ભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..! એવો આત્માને હું કોને કહીશ? કહે છે. જે કાંઈ ખાસ લેવા આવ્યા છે એને. આહાહા..!

શું કહે છે? જુઓ! **'આત્માના અતીન્દ્રિય સુખની જ જેને સ્પૃહા છે-'** આહાહા..! જેને પાંચ ઈન્દ્રિયના વિષયોની ઈચ્છા ગઈ છે... આહાહા..! જેને આત્માનો અતીન્દ્રિય આનંદ, એની જેને સ્પૃહા, ઈચ્છા, લાગણી, ભાવના આ છે એને હું કહીશ. આહાહા..! રાગના રસિયાઓને આ વાત ન બેસે. વિષય શબ્દે રાગનો પ્રેમ છેને જેને. એને આ વાત ન બેસે, એને હું નહિ કહું. આહાહા..! સમજાણું કાંઈ? આ એની શરત છે. મારી શરતમાં તો મેં કહ્યું કે આગમથી, અનુમાનથી, અનુભવથી મેં જાણ્યું. હવે એ હું જણાવવા માગુ છું એ કોને? **'આત્માના અતીન્દ્રિય સુખની જ જેને સ્પૃહા છે-'** તેને. આહાહા..! આ એની શરત છે. સંતોની આ શરત છે. સમજાણું કાંઈ? સમાધિ છે ને? સમાધિતંત્ર છે ને? આહાહા..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- માલ પણ અનમોલ છે.

ઉત્તર :- હા, અનમોલ છે, ભાઈ!

બાપુ! કહે છે, ભાઈ! હું સમાધિ-આત્માની શાંતિ જે આત્મામાં ભરી પડી છે, શાંતિનો સાગર પ્રભુ છે, અતીન્દ્રિય આનંદનો એ દરિયો છે એ હું મારા અનુભવથી કોને કહેવા માંગુ

છું? આહાહા..! જેને અંતરમાં અતીન્દ્રિય આનંદની સ્પૃહા છે, બીજી કોઈ સ્પૃહા નથી જેને. આહાહા..! આ તો કાંઈક સાંભળશું તો કાંઈક પુણ્ય બંધાશે અને પુણ્ય બંધનથી કાંઈક સ્વર્ગ અને પૈસા મળે. આ મંગળિક સાંભળે ને તો વેપારમાં લક્ષ્મી-બક્ષ્મી પૈસા મળે. .. શું છે? એક દુકાન ખોલવી છે દશેરામાં. તો શું છે? દુકાન સરખી ચાલે. આ તો રાગના અભિલાષી અને જડના કામી છે. એઈ..!

મુમુક્ષુ :- એવાઓ માટે ...

ઉત્તર :- એવાઓ માટે આ શાસ્ત્ર નથી. આહાહા..! એ તો રખડતા રામ જીવો, જેને રખડવું છે એને માટે આ નથી. આહાહા..!

જેને આનંદની સ્પૃહા છે, ભલે એણે જોયો ન હોય આનંદ... સમજાય છે? પણ આ વિષયના સુખની મીઠાશથી-ઝેર છે એનાથી-કોઈ જુદી ચીજ છે. વિષયના સુખો એ અબજોપતિ, કરોડોપતિ અને ઈન્દ્રાણીઓ ઈન્દ્રને કરોડો ઈન્દ્રાણીઓ. જેને આવા અનાજ નથી. એને તો કંઠમાંથી અમૃત (ઝરે) એવો તો એનો ખોરાક. એવી ઈન્દ્રાણીઓના ભોગ પણ જેને ઝેર જેવા લાગતા હોય. આહાહા..! સમજાણું કાંઈ? જેને અતીન્દ્રિય આનંદની સ્પૃહા હોય. આહાહા..! આ શ્રોતાની સાથે શરતું આ. દુનિયા રાજી થાવ, ન થાવ એની સાથે અમારે કાંઈ સંબંધ નથી. તારા અતીન્દ્રિય આનંદમાંથી તને રાજીપો થવો હોય તો એ વાત અમે કહેશું તને. કહો, જેઠાભાઈ! આહાહા..! ગજબ વાત કરે છે કે નહિ!

અમારો હેતુ તો, અતીન્દ્રિય સુખ પામે એ પ્રાણી એવા હેતુથી તો કથન છે, કહે છે. હવે એ હેતુનું કથન લાગુ કોને પડે? આહાહા..! દુનિયાની અભિલાષા માનની, પૂજાની એ બધી ઉઠી જાય જેને. મારો ભગવાન ત્રણ લોકનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો હું છું. એને મારે પ્રગટ કરવાની ભાવના છે. આહાહા..! રાગ પ્રગટ કરવાની, પુણ્ય પ્રગટ કરવાની ભાવના (જેને છે) એ જીવને માટે આ વાત નથી. આહાહા..! ભાષા જુઓને! વીતરાગપણે અનુભવ્યો અને વીતરાગતાની અતીન્દ્રિય આનંદની જેને સ્પૃહા છે એને માટે આ સમાધિતંત્રનો ઉપદેશ છે. આહાહા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં આવે છે ને. 'કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ.' બીજો રોગ નહિ. આહાહા..! અહીં તો ખાનગી કેટલાય પત્રો આવે ખાનગી, હોં! મહારાજ! તમારી પાસે તો કરોડોપતિઓ આવે. એને કાંઈક કહો તો અમે રસ્તે ચડીએ. દેખો! અહીં પૈસા દે. ખાનગી એવા કાગળ આવે. અરે..! આ દુકાન ભૂલ્યો. આ દુકાન એ નથી. એ કંદોઈની દુકાને અફીણ ન મળે. ત્યાં મળતું હશે અફીણ? એની દુકાન જુદી હોય. સમજાણું કાંઈ? હમણાં જ એક કાગળ આવ્યો હતો, નહિ? પરમ દિ' વાંચ્યો નહિ? મહારાજ! તમારા જે ભક્તો છે એ

તો બહુ પૈસાવાળા છે, સુખી છે, અઢળક છે. એવું લખ્યું હતું, હોં! પણ મારે અઢળક થાય મને, અમે દુઃખી છીએ. એય..! વાંચ્યો કે નહિ? કાગળ, નહિ? ... અઢળક મળે. અમારે ધંધો ચાલતો નથી, ગામડામાં રહી ગયા, અમારા કુટુંબીઓ બહાર ગયા તો એ તો બધા પૈસાવાળા થઈ ગયા. આહાહા..! ભગવાન! તું ભૂલ્યો બાપુ! લખવામાં. એવા કેટલાય આવે છે ખાનગી. બિચારા બહુ દુઃખી હોય અને આ પાછા દુકાળ. દુકાન ચાલે નહિ, માણસો સાત-આઠ ઘરમાં (હોય), એ સો-દોઢસો-બસ્સો મળે મહિને, કાંઈ ખર્ચે પૂરું પડે નહિ. હેરાન-હેરાન થઈ ગયા છે. અરે..! બાપુ! તારી શ્રદ્ધાથી હેરાન થઈ ગયો છો તું. એ પ્રતિકૂળતાથી નહિ. આહાહા..!

આનંદનો ધામ પરમાત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપ આત્માનું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એ સિદ્ધ ભગવાન સ્વરૂપે જ ચૈતન્ય ભગવાન બિરાજે છે. એનું એન્લાર્જ થઈને પર્યાયમાં સિદ્ધપણું આવે છે. એ અંદર છે ઈ આવે છે. સમજાણું કાંઈ? એની સામું જોવું નથી, એની ભાવના નથી અને શાસ્ત્ર સાંભળીને કાંઈક પૈસા મળે, આબરૂ મળે, સુખ મળે, છોકરાઓ સારે ઠેકાણે વરે, છોડીયું સારે ઠેકાણે વરે. અરે..! બાપા! તું ક્યાં આવ્યો ભાઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એ કીધુંને ઘણાં વર્ષ પહેલાની વાત છે. (સંવત) ૧૯૯૨ની સાલની. ૪૦૦ ના પગારવાળો એક પારસી હતો, અહીં ધોળા જંક્શન. ચારસોનો પગાર હતો. ૯૨ની સાલમાં. હું બેઠો હતો ત્યાં. ઓલા મકાનમાં આવ્યા હતા ને, હીરાભાઈના મકાનમાં. એકલો બેઠો ત્યાં આવ્યો હતો. પારસી હતો. ૪૦-૪૫ વર્ષની ઉંમર. આમ હાથ કાઢ્યો. શું છે ભાઈ? મહારાજ! હાથ જુઓને. અરે..! ભાઈ! આ દુકાન નહિ આ. એ દુઃખી હશે, કાંઈક દુઃખી હશે. પછી મહિને, બે મહિને બંદુક ખાઈને મરી ગયો. સાંભળ્યું હતું. અહીં સાંભળ્યું હતું, અહીં ધોળામાં હતો પારસી. કાંઈક હશે. ઘણી પ્રકારની જગતની ભ્રમણા. હાથ જુઓ. શું છે બાપુ? કે આ મને કે દિ' પૈસા મળશે? ભગવાન! ભૂલ્યો બાપુ! આ દુકાન એ નથી, કીધું. અહીં તો આત્માની દુકાન છે, બાપા! આત્મા જોવો, જાણવો, એ કેમ મળે અને ધર્મ કેમ (થાય), સુખી થવાય એ માર્ગ છે, બાપુ! અમારી પાસે બીજું કાંઈ છે નહિ. અમારી મોટપ તમે એમ ગણતા હો, મોટા મહારાજ એટલે એને આશીર્વાદ આપે તો સારું થાય, એવું અમારી પાસે કાંઈ છે નહિ. ચંદુભાઈ! આશીર્વાદ આપે આશીર્વાદ.

હમણાં કાલે એક બ્રાહ્મણ આવ્યો હતો. પાલડી. આ પાલડી નથી? ત્રણ ગાવ છેટે છે. આ ભીખાભાઈ રબારી ત્યાંના છે. આપણે નીકળ્યા નહોતા તે દિ'? (સંવત) ૨૦૧૩ની સાલ. પાલડી નીકળ્યા હતા. આવ્યા હતા નહિ? અહીંથી શિહોર જતા ત્રણ ગાઉ છે. પાલડીનો

આવ્યો હતો. મહારાજ! હાથ મૂકો. હું ત્યાં મુંબઈ તો કાયમ આવું છું વાત સાંભળવા. પણ હાથ મૂકો હોં હવે તો. અરે..! જુવાન છોકરો હતો. સવા પાંચ રૂપિયા મૂક્યા એણે બિચારાએ. ગુંજામાંથી કાઢીને. અહીં તો આત્માની વાતું (છે), ભાઈ! આ જડ છે એમાં શું થાય? આહાહા..! અરે..! આવી જેને ઝંખના છે સંસારની (એને માટે આ વાત નથી). આહાહા..!

અહીં તો ભવનો અભાવ થઈ અને આત્માની શાંતિ કેમ મળે એ વાત છે કહે છે. ભવના અભાવની જેને ભાવના છે... આહાહા..! અતીન્દ્રિય આનંદની સ્પૃહાનો અર્થ શું થયો? અતીન્દ્રિય આનંદ મારે તો જોવે છે. આહાહા..! એ ક્યાંથી મળશે? એમ પૂછે તો તો એને કહે, બાપા! અતીન્દ્રિય આનંદ અંદરમાં છે. એ તને ખબરું નથી. આહાહા..! એ અતીન્દ્રિય આનંદની જેને ઈચ્છા છે એને અતીન્દ્રિય આનંદ તરફ ઢળવા માટેનો આ ઉપદેશ છે અમારો, કહે છે. આહાહા..! દુનિયાના ભાવથી એવું લાગે આ તો જાણે આ શું હશે આવી જાત આખી? આ તે જૈનનો ધર્મ હશે? જૈનધર્મમાં છકાયની દયા પાળવી, છકાયના પિયર... નથી લખાતા? એય..! ભોગીભાઈ! સંવત્સરી પૂરી થાય ત્યારે નથી લખતા? કાગળમાં એકબીજાને લખે. છકાયના પિયર છકાયના ગોવાળ. છકાયના રક્ષક. બધી ખોટી વાતું. આહાહા..! પર જીવની રક્ષા કોણ કરે? પરની દયા કોણ પાળે? આહાહા..! બાપુ! તને ખબર નથી. આહાહા..!

તારી દયા તું પાળી શકે છો, તારી હિંસા-તું નથી-એમ તું કરી શકે છો. હું એક નથી એમ (હિંસા) કરી શકે છો જ્ઞાનમાં અને હું એક પૂર્ણ આનંદનો નાથ પૂર્ણ છું એમ તું તારી રક્ષા કરી શકે છો. એવી જીવતી જ્યોત ભગવાન બિરાજે, એનો તું નકાર કરીને હું રાગવાળો અને પુણ્યવાળો છું, એ જીવતી જ્યોતનો તેં નકાર કરીને હિંસા કરી છે. તારી તેં હિંસા કરી છે. આહાહા..! એવા ચૈતન્ય જ્યોતને જાણવા માટે જો પ્રયત્ન તને હોય તો એ વાત હું કરીશ તને. કહો, ભોગીભાઈ! આવી વાત આ છે.

'**અતીન્દ્રિય સુખની જ...**' એમ પાછું છે ને? '**कैवल्यसुखस्पृहाणां**' એમ છે ને? '**कैवल्यसुखस्पृहाणां**' એકલો આત્માના આનંદની. આહાહા..! આ સંસારના જે સુખ છે એ તો દુઃખ છે, ઝેર છે. આહાહા..! એ ઝેરની પિપાસા જેને છૂટી છે અને આત્માના અમૃતરસને પ્રગટ કરવાની જેને ભાવના છે. આહાહા..! '**कैवल्यसुखस्पृहाणां**' કૈવલ્યપદ વિષયક અથવા નિર્મળ અતીન્દ્રિય સુખની ભાવનાવાળા. એમ. એટલે કૈવલ્ય પદ કહો કે મોક્ષપદ કહો. આત્માની પૂર્ણ મોક્ષદશા. લોગ્ગસમાં આવે છે ને? 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' હે સિદ્ધ ભગવાન! મારે સિદ્ધપદ જોઈએ છે. દેખાડો. એ તો એક વિનંતી છે. આપે કોણ? 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.' મને દેખાડો. એનો અર્થ કેવળજ્ઞાન થાય ત્યારે દેખે એને પોતાને. આહાહા..! પૂર્ણ. સમજાણું કાંઈ? આહાહા..! એવા સુખની જેને ઈચ્છા છે. અતીન્દ્રિય સુખની. આત્માના

અતીન્દ્રિય સુખની જેને સ્પૃહા છે.

'**ઇન્દ્રિય-વિષયસુખની જેને સ્પૃહા નથી,...**' સ્પૃહા એટલે ઇચ્છા, જિજ્ઞાસા, અભિલાષા, ભાવના એ બધા અર્થમાં સ્પૃહા કહેવાય છે. '**તેવા (જિજ્ઞાસુ) ભવ્ય જીવોને જ...**' આહાહા..! જુઓને! '**તેવા (જિજ્ઞાસુ) ભવ્ય જીવોને જ આચાર્ય વિવિક્ત આત્માનું...**' ભિન્ન-રાગ અને પરપદાર્થથી ભિન્ન ભગવાન આત્માનું '**(શુદ્ધાત્માનું) સ્વરૂપ કહેવા માગે છે.**' આહાહા..! મેળવ્યું છે ભારે, હોં! છોટાભાઈએ બહુ સારું લખ્યું છે. છોટાલાલ ગુલાબચંદ દિગંબર અમદાવાદ. કાંઈક ભણેલા હતા નહિ? કાંઈક મોટી પદવી હતી. ગ્રેજ્યુએટ હતા કાંઈક. અંદર હશે કાંઈક. છે? આવતા હતા ને અહીંયાં. છેલ્લા મંદવાડમાં હું ત્યાં ગયો હતો અમદાવાદ. ત્યાં રહેતા હતા ત્યાં ગયા હતા. બોર્ડિંગમાં. એ ડેલો હતો. ગુજરી ગયા. બહુ સારું લખ્યું છે. આ સમાધિતંત્ર અહીં વાંચ્યું હતું જ્યારે ત્યારે એણે સાંભળ્યું હતું. એ પછી ભાઈએ નાખ્યું, નહિ? શીતળપ્રસાદનું. તે દિ' એ ક્યાં હતા, નહિ? શીતળપ્રસાદનું વાંચ્યું હતું. તે દિ' લખ્યું હતું. હું હાજર હતો ત્યારે. અમે વાંચ્યું છે તેથી અમને સમજાણું એ બધું મેં લખ્યું છે.

'**આ રીતે શ્રી પૂજ્યપાદ આચાર્યે...**' પૂજ્યપાદ મુનિ દિગંબર સંત આનંદમાં કેલી કરનારા હતા. સંત એને કહીએ. આ પાંચ મહાવ્રત પાળે અને ઢીકણું કરે એ સાધુ નથી, બાપા, એ તને ખબર નથી. જે આત્માના આનંદના સ્વરૂપનું સાધન કરે તે સાધુ. આહાહા..! એ આ મુનિ આનંદના સાધનમાં હતા એવા પૂજ્યપાદ આચાર્યે.. આહાહા..! એવા સંત ક્યાં છે? કોને સંત કહેવા એની ખબર પણ ક્યાં છે જગતને? આહાહા..! સમ્યગ્દર્શન વિનાના દ્રવ્યલિંગો બધા બહારના, એ બધા રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ?

'**આગમ, યુક્ત અને અનુભવથી આત્માનું શુદ્ધસ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરી છે.**' લ્યો!

कतिभेदः पुनरात्मा भवति? येन विविक्तमात्मानमिति विशेष उच्यते। तत्र कुतः कस्योपादानं कस्य वा त्यागः कर्तव्य इत्याशंक्याह–

*बहिरन्तः परश्चेति त्रिधात्मा सर्वदेहिषु।
उपेयात्तत्र परमं मध्योपायाद्बहिस्त्यजेत्।।४।।

टीका :– बरिर्बहिरात्मा, अन्तः अन्तरात्मा, परश्च परमात्मा इति त्रिधा आत्मा

* पियारो सो अप्पा परमंतरबाहिरो हु देहीणं।
तत्थ परो झाइज्जइ अंतोवाएण चयहि बहिरप्पा।।
– मोक्षप्राभृते, कुन्दकुन्दः।

त्रिप्रकार आत्मा। क्वा? सर्वदेहिषु सकलप्राणिषु। ननु अभव्येषु बहिरात्मन एव सम्भवात् कथं सर्वदेहिषु त्रिधात्मा स्यात्? इत्यप्यनुपपन्नं, तत्रापि द्रव्यरूपतया त्रिधात्मसद्भावोपपत्तेः कथं पुनस्तत्र पंचज्ञानावरणान्युपपद्यन्ते? केवलज्ञानाद्याविर्भावसामग्री हि तत्र कदापि न भविष्यतित्यभव्यत्वं, न पुनः तद्योग्यद्रव्यस्याभावादिति। भव्यराश्यपेक्षया वा सर्वदेहिग्रहणं। आसन्नदूरदूरतरभव्येषु भव्यसमानअभव्येषु च सर्वेषु त्रिधाऽऽत्मा विद्यत इति। तर्हि सर्वज्ञे परमात्मन एव सद्भावाद्बहिरन्तरात्मनोरभावात्त्रिधात्मनो विरोध इत्यप्ययुक्तम्। भूतपूर्वप्रज्ञापननयापेक्षया तत्र तद्विरोधासिद्धेः धृतघटवत्। यो हि सर्वज्ञावस्थायां परमात्मा सम्पन्नः स पूर्वबहिरात्मा अन्तरात्मा चासीदिति। घृतघटवदन्तरात्मनोऽपि बहिरात्मत्वं परमात्मत्वं च भूतभाविप्रज्ञापन-नयापेक्षया दृष्टव्यम्। तत्र कुतः कस्योपादानं कस्य वात्यागः कर्तव्य इत्याह-उपेयादिति। तत्र तेषु त्रिधात्मसु मध्ये उपेयात् स्वीकुर्यात्। परमं परमात्मानं। कस्मात्? मध्योपायात् मध्योऽन्तरात्मा स एवोपायस्तस्मात्। तथा बहिः बहिरात्मानं मध्योपायादेव त्यजेत्।।४।।

---

શ્લોક - ૪

અન્વયાર્થ :- (सर्वदेहिषु) સર્વ પ્રાણીઓમાં (बहिः) બહિરાત્મા, (अन्त) અન્તરાત્મા (च परः) અને પરમાત્મા (इति) એમ (त्रिधा) ત્રણ પ્રકારે (आत्मा अस्ति) આત્મા છે. (तत्र) તેમાં (मध्योपायात्) અંતરાત્માના ઉપાય દ્વારા (परमं) પરમાત્માને (उपेयात्) અંગીકાર કરવો જોઈએ અને (बहिः) બહિરાત્માને (त्यजेत) છોડવો જોઈએ.

ટીકા :- બહિઃ એટલે બહિરાત્મા, અંતઃ એટલે અંતરાત્મા અને પરઃ એટલે પરમાત્મા-એમ ત્રિધા એટલે ત્રણે પ્રકારે આત્મા છે. તે (પ્રકારો) શામાં છે? સર્વ દેહીઓમાં-સકલ પ્રાણીઓમાં.

અભવ્યોમાં બહિરાત્માનો જ સંભવ હોવાથી સર્વ દેહીઓમાં ત્રણ પ્રકારનો આત્મા છે એમ કેવી રીતે હોઈ શકે?

એમ કહેવું પણ યોગ્ય નથી કારણ કે ત્યાં પણ (અભવ્યમાં પણ) દ્રવ્યરૂપપણાથી ત્રણ પ્રકારના આત્માનો સદ્ભાવ ઘટે છે. વળી ત્યાં પાંચ જ્ઞાનાવરણ (કર્મો)ની ઉપપત્તિ કેવી રીતે ઘટી શકે? કેવલજ્ઞાનાદિના પ્રગટ થવારૂપ સામગ્રી જ તેમને કદાપિ થવાની નથી તેથી તેમનામાં અબવ્યપણું છે, પણ નહિ કે તદ્યોગ્ય દ્રવ્યના અભાવથી (અભવ્યપણું છે); અથવા ભવ્યરાશિની અપેક્ષાએ સર્વ દેહીઓનું ગ્રહણ સમજવું. આસન્ન ભવ્ય, દૂર ભવ્ય, દૂરતર ભવ્યમાં તથા અભવ્ય જેવા ભવ્યોમાં-સર્વેમાં ત્રણ પ્રકારનો આત્મા છે.

તો સર્વજ્ઞમાં પરમાત્માનો જ સદ્ભાવ હોવાથી અને (તેમાં) બહિરાત્માનો અને

અંતરાત્માનો અસદ્ભાવ હોવાથી તેમાં (સિદ્ધમાં) ત્રણ પ્રકારના આત્માનો વિરોધ આવશે?

એમ કહેવું પણ યોગ્ય નથી, કારણ કે ભૂતપૂર્વ[1] પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ તેમાં ઘૃતઘટવત્ તે વિરોધની અસિદ્ધિ છે (તેમાં વિરોધ આવતો નથી). જે સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મા થયા, તે પૂર્વે બહિરાત્મા તથા અંતરાત્મા હતા.

ઘૃતઘટની જેમ ભૂત-ભાવી પ્રજ્ઞાપન-નયની અપેક્ષાએ અંતરાત્માને પણ બહિરાત્માપણું અને પરમાત્મપણું સમજવું.

એ ત્રણેમાંથી કોનું શા વડે ગ્રહણ કરવું કે કોનો ત્યાગ કરવો તે કહે છે. ગ્રહણ કરવું એટલે તેમાં તે ત્રણ પ્રકારના આત્માઓને વિષે પરમાત્માનો સ્વીકાર (ગ્રહણ) કરવો. કેવી રીતે? મધ્ય ઉપાયથી-મધ્ય એટલે અન્તરાત્મા તે જ ઉપાય છે તે દ્વારા (પરમાત્માનું ગ્રહણ કરવું) તથા મધ્ય (અંતરાત્મારૂપ) ઉપાયથી જ બહિરાત્માનો ત્યાગ કરવો (૪)

ભાવાર્થ :- સર્વે જીવોમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા-એમ ત્રણ પ્રકારની અવસ્થાઓ હોય છે. તેમાં બહિરાત્માવસ્થા છોડવા યોગ્ય છે; અંતરાત્માવસ્થા, પરમાત્મપદની પ્રાપ્તિનું સાધન છે, માટ તે પ્રગટ કરવા યોગ્ય છે અને પરમાત્માવસ્થા જે આત્માની સ્વાભાવિક પર વીતરાગી અવસ્થા છે તે સાધ્ય છે માટે તે પરમ ઉપાદેય (પ્રગટ કરવા યોગ્ય) છે.

પ્રશ્ન :- સર્વ પ્રાણીઓમાં આત્માની ત્રણ અવસ્થાઓ છે એમ શ્લોકમાં કહ્યું છે પણ અભવ્યને તો એક બહિરાત્માવસ્થા જ સંભવિત છે, તોસર્વ પ્રાણીઓને આત્માની ત્રણ અવસ્થાઓ કેમ બની શકે?

ઉત્તર :- જે જીવ અજ્ઞાની બહિરાત્મા છે તેમાં પણ અંતરાત્મા અને પરમાત્મા થવાની શક્તિ છે. ભવ્ય અને અભવ્ય જીવોમાં પણ કેવલજ્ઞાનાદિરૂપ પરમાત્મશક્તિ છે. જો તે શક્તિ તેમનામાં ન હોય, તો તેને પ્રગટ ન થવામાં નિમિત્તરૂપ કેવળજ્ઞાનાવરણાદિ કર્મ પણ ન હોવાં જોઈએ, પણ બહિરાત્માને (અભવ્યને પણ) કેવલજ્ઞાનાવરણાદિ કર્મ તો છે; તેથી સ્પષ્ટ છે કે બહિરાત્મામાં (ભવ્ય કે અભવ્યમાં) કેવલજ્ઞાનાદિ શક્તિપણે છે. અભવ્યને તે શક્તિ પ્રગટ કરવા જેટલી યોગ્યતા નથી.

અનાદિથી બધા જીવોમાં કેવલજ્ઞાનાદિરૂપ પરમસ્વભાવ શક્તિરૂપે છે. તે સ્વભાવના

૧. જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભૂતનૈગમનય (અથવા ભૂતપૂર્વપ્રજ્ઞાપન-નય કહે) છે. જે ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ કહે તે જ્ઞાનને (અથવા વચનને) ભાવિનૈગમનય (અથવા ભાવિપ્રજ્ઞાપન-નય) કહે છે. (જુઓઃ ગુ.મોક્ષશાસ્ત્ર-અ.૧/સૂત્ર ૩૩)

શ્રદ્ધા-જ્ઞાન કરી તેમાં લીન થાય તો તે કેવલજ્ઞાનાદિ શક્તિઓ પ્રગટ થઈ જાય અને કેવલજ્ઞાનાવરણાદિ કર્મો સ્વયં છૂટી જાય.

શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે-

'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.'

બધાય જીવો શક્તિપણે પરિપૂર્ણ સિદ્ધ ભગવાન જેવા છે, પણ જે પોતાની ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સ્વભાવશક્તિને સમ્યક્ પ્રકારે સમજે, તેની પ્રતીત કરે અને તેમાં સ્થિરતા કરે, તે પરમાત્મદશા પ્રગટ કરી શકે.

વર્તમાનમાં જે ધર્મી અંતરાત્મા છે તેને પૂર્વે અજ્ઞાન દશામાં બહિરાત્મપણું હતું ને હવે અલ્પ કાળમાં પરમાત્મપણું પ્રગટ થશે.

પરમાત્મપદને પ્રાપ્ત થયેલા શ્રી અરિહંત અને સિદ્ધ ભગવાનને પણ પૂર્વે બહિરાત્મદશા હતી. તેઓ પોતાની સ્વાભાવિક શક્તિની પ્રતીતિ કરી જે સમયે સ્વભાવસન્મુખ થયા તે સમયે તેમનું બહિરાત્મપણું ટળી ગયું અને અંતરાત્મદશા પ્રગટ થઈ અને પછી ઉગ્ર પુરુષાર્થ કરી સ્વભાવમાં લીન થઈ પરમાત્મા થયા.

એ રીતે, અપેક્ષાએ દરેક જીવમાં ત્રણ પ્રકારો લાગુ પડે એમ સમજવું.

## વિશેષ

### બહિરાત્મા

બાહ્ય શરીરાદિ, વિભાવ ભાવ તથા અપૂર્ણ દશાદિમાં જે આત્મબુદ્ધિ કરે છે અર્થાત્ તેની સાથે એક્તાની બુદ્ધિ કરે છે તે બહિરાત્મા છે. તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી બહારમાં કાયા અને કષાયોમાં મારાપણું માને છે, તેને ભાવકર્મ અને દ્રવ્યકર્મ સાથે એક્તાબુદ્ધિ છે; તેનાથી જ પોતાને લાભ-હાનિ માને છે. તે મિથ્યાદૃષ્ટિ જીવ અનાદિકાલથી સંસારપરિભ્રમણનાં દુઃખોથી પિડાય છે.

### અંતરાત્મા

જેને શરીરાદિથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માનું ભાન છે તે અંતરાત્મા છે. તેને સ્વ-પરનું ભેદજ્ઞાન છે. તેને એવો વિવેક વર્તે છે કે હું 'હું જ્ઞાન-દર્શનરૂપ છું; એક શાશ્વત આત્મા જ મારોર છે, બાકીના સંયોગલક્ષણરૂપ અર્થાત્ વ્યવહારરૂપ જે ભાવો છે તે બધા મારાથી ભિન્ન છે-મારાથી બાહ્ય છે.' આવો સમ્યગ્દૃષ્ટિ આત્મા મોક્ષમાર્ગમાં સ્થિત છે.

### પરમાત્મા

જેણે અનંતજ્ઞાન-દર્શનાદિરૂપ ચૈતન્ય-શક્તિઓને પૂર્ણપણે વિકાસ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત

કર્યું છે તે પરમાત્મા છે.

ત્યાં બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા-પ્રત્યેકનું લક્ષણ કહે છે.

---

## શ્લોક-૪ ઉપર પ્રવચન

**'આત્માના વળી કેટલા ભેદ છે.'** હવે આત્મા બતાવવાનો છે ને? તો આત્માના ભેદ કેટલા? ક્યા પ્રકારના? **'જેથી વિવિક્ત આત્મા-એમ વિશેષ કહ્યું છે?'** શું કહ્યું? વિવિક્ત એમ કહ્યું ને? રાગથી, શરીરથી ને કર્મથી ભિન્ન એવા આત્માને હું કહીશ. ત્યારે એ આત્માના પ્રકાર કેટલા છે કે તમે વિવિક્ત આત્માને કહો છો? સમજાણું કાંઈ? **'આત્માના વળી કેટલા ભેદ છે. જેથી વિવિક્ત આત્મા-એમ વિશેષ કહ્યું છે?'** હું એક આત્માને કહીશ. કેવા આત્માને? વિવિક્ત. એટલે? કે પુણ્ય-પાપની ક્રિયાના રાગથી ભિન્ન અને દેહ અને શરીરથી ભિન્ન. કર્મથી ભિન્ન. શરીર-નોકર્મ અને કર્મથી ભિન્ન. નોકર્મ, કર્મ અને ભાવકર્મ. એ રાગ-દ્વેષ એટલે ભાવકર્મ. ત્રણેથી ભિન્ન છે એ આત્માને હું કહીશ. સમજાણું? ત્યારે કહે છે, એના ભેદ કેટલા છે કે તમે આમ કહ્યું છે?

**'અને એ આત્માના ભેદોમાં શા વડે કોનું ગ્રહણ અને કોનો ત્યાગ કરવા યોગ્ય છે?'** આહાહા..! **'એવી આશંકા કરી કહે છે-'** છે ને પાઠ? 'तत्र कुतः **कस्योपादान**' કોનું ગ્રહણ કરવું? અને કોનો ત્યાગ કરવો? 'इत्याशंक्याह' એવી જાણવાની ઇચ્છા છે. શંકા એટલે તમારું કહેવું ખોટું છે એમ નહિ, પણ મને સમજાવવા માટે આશંકા છે કે તમે વિવિક્ત આત્મા કોને કહો છો? અંતરાત્માના કેટલા પ્રકાર છે કે એમાં વિવિક્ત આત્માને તમે જણાવવા માગો છો?

ચોથી ગાથા. મોક્ષપાહુડમાં પણ નીચે છે.

***बहिरन्तः परश्चेति त्रिधात्मा सर्वदेहिषु।**
**उपेयात्तत्र परमं मध्योपायाद्बहिस्त्यजेत्।।४।।**

લ્યો! ત્રણે એવી ગયા ટૂંકામાં. એનો અન્વયાર્થ કરો પહેલો. અન્વયાર્થ લ્યોને.

**'અન્વયાર્થ :- સર્વ પ્રાણીઓમાં...'** જગતના જે અનંત જીવો છે; નિગોદના અનંત જીવો બટાટા, શક્કરકંદ, કંદમૂળ. આહાહા..! એક કણીમાં અસંખ્ય શરીર અને એ અસંખ્ય શરીરમાં એક એક શરીરમાં અનંત અનંત આત્મા. વીતરાગ માર્ગ સિવાય આવી વાત ક્યાંય

છે નહિ. સમજાણું કાંઈ? કંદમૂળની કટકી એક બટાટા, શક્કરકંદની રાઈ જેટલો ટૂકડો (લ્યો) તો એ ટૂકડામાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં, અત્યાર સુધી જે સિદ્ધ થયા અનંતા એથી અનંતગુણા એક શરીરમાં જીવ છે. આહાહા..! આવું વસ્તુ અસ્તિ સ્વરૂપ છે, હોં! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે જોયું અને આ વસ્તુસ્થિતિ છે.

એવા '**સર્વ પ્રાણીઓમાં...**' '**सर्वदेहिषु**' શબ્દ છે ને? '**બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા એમ ત્રણ પ્રકારે આત્મા છે.**' બધા આત્મામાં ત્રણ પ્રકારે છે. આહાહા..! બહિરાત્મા પણ ત્રણ પ્રકારે છે, અંતરાત્મા પણ ત્રણ પ્રકારે છે અને પરમાત્મા પણ ત્રણ પ્રકારે છે. આહાહા..! જેટલા જીવની રાશિ છે એ બધા અનંત બહિરાત્મા છે, અસંખ્ય અંતરાત્મા છે, અનંત પરમાત્મા છે. અને દરેક જીવને આ ત્રણે લાગુ પડે છે કહે છે. બહિરાત્માપણું, અંતરાત્માપણું અને પરમાત્માપણું. ઓહોહો..! આચાર્યની શૈલી! ગ્રંથ રચે છે.. ભિન્ન ભિન્ન હોય તેમ સ્પષ્ટ કર્યું છે.

'**સર્વ પ્રાણીઓમાં...**' સર્વ પ્રાણીઓમાં કોઈ પ્રાણી બાકી રહ્યું? નિગોદના જીવ, પ્રત્યેક વનસ્પતિ, ત્રસ, એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય. આવે છે કે નહિ? .. નથી આવતું? એકન્દ્રિયા, બેઇન્દ્રિયા, તેઇન્દ્રિયા, ચૌઇન્દ્રિયા, પંચેન્દ્રિયા.. એ તો ગડિયો હાંકે જાય. પણ શું છે? એય..! ભોગીભાઈ! તસ્સ મિચ્છામી દુક્કડમ. જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી.. શું પણ જીવ ને કોને જીવ (કહેવો)? આહાહા..! સમજાણું કાંઈ? ઓલા તત્સુતરી બોલે જાય .. અપ્પાણં વોસરે. આત્માને વોસરાવું. પણ ક્યો આત્મા? કોને વોસરાવું? કોને રાખવું? કોને પ્રગટ કરવું?

મુમુક્ષુ :- એ વિષય ચાલતો જ નથી.

ઉત્તર :- એ ચાલતો નથી. એ વાત સાચી છે. આહાહા..! એ વિષય તત્ત્વનો વિષય, વાસ્તવિક સ્વરૂપ, જેમાંથી સત્ય પ્રાપ્ત થાય એ વાત જ બધી ઊંધે રસ્તે ચડી ગઈ છે. આહાહા..!

આચાર્ય મહારાજ કહે છે કે સર્વ આત્માઓમાં '**બહિરાત્મા,...**' મિથ્યાદષ્ટિપણું '**અંતરાત્મા...**' સાધકપણું, '**પરમાત્મા...**' પૂર્ણ દશા પ્રાપ્ત જીવ. દરેક આત્મામાં ત્રણે લાગુ પડે છે, કહે છે. '**એમ ત્રણ પ્રકારે આત્મા છે. તેમાં...**' '**मध्योपायात्**' મધ્ય કીધું ને? '**बहिः**' '**अन्त**' અંત મધ્ય. '**અંતરાત્માના ઉપાય દ્વારા...**' આહાહા..! પૂર્ણાનંદ સ્વરૂપ એની સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા દ્વારા '**પરમાત્માને અંગીકાર કરવો જોઈએ.**' આહાહા..! પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ ચૈતન્યનું અસ્તિત્વ છે એનો આશ્રય કરીને, એ ઉપાય દ્વારા '**પરમાત્માને અંગીકાર કરવો જોઈએ...**' પૂર્ણ પરમાત્મદશાને પ્રગટ કરવી જોઈએ. '**અને**

**બહિરાત્માને છોડવો જોઈએ.'** આહાહા..! જુઓ ભાષા!

અંતરાત્મા દ્વારા... અંતરાત્મા એટલે કે રાગ અને શરીરથી ભિન્ન પ્રભુ, એવી જે અંતર વસ્તુ છે એવા અંતરાત્માના અનુભવ દ્વારા. આહાહા..! સમજાણું કાંઈ? અંતરાત્મા. જે અંદરમાં સ્વભાવરૂપ વસ્તુ છે. એના ઉપાય દ્વારા. એમ કહ્યું ને? આહાહા..! જુઓને! ભિન્ન-ભિન્નમાં વસ્તુ ભિન્ન ભિન્ન... આહાહા..! અંતર. મધ્ય નામ અંતર. બહિરાત્મા, પરમાત્મા અને મધ્યમાં અંતરાત્મા. જે અંતર વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય આનંદઘન, રાગ ને વિકલ્પ ને શરીર ને કર્મ વિનાની ચીજ, એને પકડતા, એના ઉપાય દ્વારા પરમાત્માને પ્રગટ કરવો અને બહિરાત્માને છોડવો. એ કઈ રીતે છે એ વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)